ડીવાયએસપીએ ચાર શખ્સો સાથે મળીને એસ.ટી. ડેપોમાં ધમાલ મચાવી

પે-પાર્કીંગમાં પૈસા ચુકવવાની નજીવી બાબતે : પાર્કિંગ સંચાલક તથા તેના ભાઈને બેઝબોલ અને લાકડી વડે મારતા હોસ્પિટલાઈઝ : ક્રોસ પોલીસ ફરીયાદ : ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર એસ.ટી.ડેપોમાં ગઈ મોડી સાંજે પે-પાર્કીંગમાં વાહન પાર્ક કર્યા બાદ તેના રૂપિયા ચુકવવાની નજીવી બાબતે એસઆરપી ડીવાયએસપી તથા તેમના પુત્ર સહિત ચાર શખ્સોને મળીને લાકડીઓ ઉછાળી હતી જેમાં બે પાર્કિંગ સંચાલકોને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાંઆવ્યા છે. આ પ્રકરણમાં ડીવાયએસપીના પુત્રએ ક્રોસ ફરીયાદ નોંધાવી છે. સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને ડીવાયએસપી પુત્ર સહિત ત્રણની ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એસટી ડેપોમાં પે-પાર્કિંગ ચલાવતા જયેન્દ્રસિંહ અર્જુનસિંહ બિહોલાએ સે. ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ મુજબ ગઈ મોડી સાંજે પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનનો ચાર્જ માંગતા સે. ૮માં રહેતા ડીવાયએસપી જીતેન્દ્રસિંહ રાણા,

તેમનો પુત્ર યશવેન્દ્રસિંહ રાણા, સે. ૧માં રહેતા શ્રેણીક વિક્રમભાઈ રાયકા તથા સે. ૨ ૩માં રહેતા મનોહરસિંહ ચૌહાણે મળીને જયેન્દ્રસિંહ તથા તેમના ભાઈ સંજયસિંહને લાકડી, બેઝબોલ તથા ધોકા વડે ઢોર માર માર્યો હતો. ઘાયલ હાલતમાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. મોડી સાંજે થયેલી ઝપાઝપીમાં જયેન્દ્રસિંહનો સોનાનો દોરો પણ પડી ગયો છે. પોલીસે ડીવાયએસપી સહિત ચારેય સામે ગુનો દાખલ કરી ડીવાયએસપી પુત્ર યશવેન્દ્ર તથા અન્ય બે શ્રેણીક અને મનોહરસિંહ મળી ત્રણેયની ધરપકડ કરી લીધી છે. જ્યારે ડીવાયએસપી હજુ ફરાર છે. તો બીજી તરફ ડીવાયએસપી પુત્રએ પણ ક્રોસ ફરીયાદ કરી સંજયસિંહ તથા અન્ય ત્રણ વ્યક્તિઓ સામે મારામારીની ફરીયાદ આપતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

છાલા પાસેના ફાર્મહાઉસનો ૧૫૦ કિલોનો લોખંડનો દરવાજો ચોરાઈ ગયો..!

ગાંધીનગર નજીક છાલા ગામ પાસે આવેલું પ્રભુકૃપા ફાર્મ હાઉસ છાલા ગામના કોદરભાઈ રામાભાઈ પટેલનું છે. ગઈ રાત્રી દરમ્યાન કોઈ શખ્સો તેમના ફાર્મહાઉસના લોખંડના વજનદાર દરવાજાને કટરથી કાપીને ચોરી ગયા હતા. આશરે ૧૫૦ કિલોનો આ દરવાજો તસ્કરો સરળતાથી ઉઠાવી કેવી રીતે ગયા તે એક પ્રશ્નાર્થ છે. ચિલોડા પોલીસે ફાર્મહાઉસના માલીકની ફરીયાદને આધારે ૮ હજારના દરવાજાના ચોરી અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રેશનલ માસિક બેઠક

ગાંધીનગર, તા. ૭

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આજરોજ શનિવાર, સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨ ૩ ખાતે મળશે. બેઠકમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજર રહેવા અનુરોધ કર્યો છે.

વાવોલ ગામના નાના ફાટક પાસેથી યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

શરીરે દાઝીને મૃત્યુ પામેલો હોવાની આશંકા : કોઈ માણસો બીજા સ્થળે મૃતદેહ ફેંકી ગયા હોવાની શક્યતા : મૃતકની ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક વાવોલ ગામની સીમમાં નાના ફાટક પાસે એક ખાડામાંથી આશરે ૩૫ વર્ષના અજાણ્યા યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. સે. ૭ પોલીસને ઘટનાની જાણ ગામના સરપંચે કરતા પી.આઈ. તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને તપાસ કરતા મૃતદેહ ડીકમ્પોઝડ થઈ ગયેલો હતો. યુવાનનું મૃત્યુ કેવી રીતે થયું તે તપાસનો વિષય છે. પરંતુ કોઈ શખ્સો મૃતદેહ ફેંકી ગયા હોવાની શકયતા સ્થળ નિરીક્ષણમાં પ્રબળ બની છે. પોલીસે એફએસએલની મમદદ લઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

વાવોલ ગામના સરપંચને બપોરના અરસામાં જાણ થઈ હતી કે હરિનગર સોસાયટી પાસેના નાના રેલવે ફાટક નજીક બંધ પશુ દવાખાના નજીકના એક ખાડામાં વિકૃત હાલતમાં એક યુવાનનો મૃતદેહ પડ્યો છે. જેની જાણ સરપંચે સે. ૭ પોલીસને કરતાં બન્ને પી.આઈ. તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. મૃતદેહ બે દિવસ જેટલા સમયથી પડ્યો હોય તેમ ડીકમ્પોઝડ થઈ ગયેલી હાલતમાં હતો. મૃતકના ચંપલ સુવ્યવસ્થિત મુકાયેલી સ્થિતિમાં હતા. આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના આ અજાણ્યા યુવાનનો મૃતદેહ કેવી રીતે આ સ્થળે પહોંચ્યો અને મૃત્યુ કેવી રીતે થયું તે હજુ સ્પષ્ટ થતુ નથી. યુવાનની હત્યા કરીને તેના મૃતદેહને ફેંકી દેવાયો છે કે કેમ? તે અંગે પણ તપાસ ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં તેનું મૃત્યુ અન્ય કોઈ સ્થળે થયુ હોય અને કોઈ માણસો તેને ફેંકી ગયા હોય તેવી આશંકા પોલીસેવ્યક્ત કરી છે. શરીર પર પડેલા ફોડલા જોતા ગરમ પાણીમાં દાઝી જવાથી મૃત્યુ થયું હોવાની પણ આશંકા વ્યક્ત કરાઈ છે.

ગજાનન સેવા સમિતિનું સેવા કાર્ય

ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વધુ એક સેવા કાર્યનું આયોજન કરાયું હતું. જેમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં આવેલા ૧૦

ગામોની શાળાઓમાં જરૂરિયાતમંદ બાળકોને દફતરનું વિતરણ કરાયું હતું.

ગજાનન સેવા સમિતિ દ્વારા સોલ્વે કંપનીના સહકારથી આ સેવાકાર્ય હાથ ધરાયું હતું. જેમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જુસા, નારીયાની મુવાડી, કુશનપુરા, મંડલી, મેડીફળીયા, કાવડાના મુવાડા વગેરે શાળાઓમાં થઈને કરાયું હતુ. આ વિતરણ કાર્યક્રમ દરમ્યાન બાળકોના વાલીઓને પણ ઉપસ્થિત રખાયા હતા. તેમજ તેમાંથી સવાબસો જેટલા વનવાસી બાળકોને સાબુ અને નાસ્તો પણ આપ્યો હતો.

સગાઈ ન થતાં હતાશ થઈ ગયેલા યુવાને દવા ગટગટાવી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક ચંદ્રાલા ગામના એક ૩૦ વર્ષિય યુવાને ગામની સીમમાં જઈને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. સારવાર માટે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ કરતા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે યુવાનની સગાઈ થતી ન હોવાથી હતાશ થઈને અંતીમ પગલુ ભર્યુ છે.

ચંદ્રાલા ગામમાં રહેતા ૩૦ વર્ષિય યુવાન હિતેશ જમનાદાસ પટેલે આજે સવારના અરસામાં ગામની ભાગોળે જઈને ઝેરી દવા પી લીધી હતી. યુવાન પર ગ્રામજનોનું ધ્યાન પડતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો જોકે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ચિલોડા પોલીસમથકના એ.એસ.આઈ. હિરાજીએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ આરંભી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે યુવાન ૩૦ વર્ષનો થયો હતો તેમ છતાં ઘણા પ્રયત્નો બાદ પણ તેની સગાઈ થતી ન હતી. જેથી હતાશ થઈને આ પગલુ ભરી લીધુ હોવાની શક્યતા પોલીસે પ્રાથમિક તપાસ બાદ વ્યક્ત કરી છે.

જલારામ મંદિર, સે. ૨૯ ખાતે 'નારી સન્માન' કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા રાખવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં સન્માનીય સ્થાન ધરાવતી કુલ ૪૧ જેટલી મહિલાઓને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના મહિલા પાંખના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં ગરમીની સાથે શેરડીના કોલાઓનું આગમન

ગાંધીનગર, તા. ૭

શહેરમાં ગરમીએ ધીમે ધીમે પગલા પાડવાની શરૂઆત કરી છે. તેની સાથે-સાથે શેરડીના કોલાવાળાએ પણ એક વર્ષથી બંધ પોતાની હાટડીઓના શટરો પણ ખોલી નાખ્યા છે ત્યારે કોલાવાળાએ જન આરોગ્યલક્ષી જરૂરી પગલા લેવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

ઠંડીએ લગભગ વિદાય લઈ લીધી છે અને ગરમીએ આદત મુજબ બપોરના સમયે પોતાનો મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. તેની સાથે ગરમીમાં પણ ઠંડીનો અહેસાસ કરાવતા શેરડીના રસના કોલાવાળાઓ પણ સજ્જ થઈ ગયા છે.

દર વર્ષે શહેરમાં અંદાજીત ૫૦૦ થી વધારે શેરડીના રસના કોલાવાળા ફિક્સ કરેલી જગ્યાએ સ્થાન જમાવી દે છે. ત્યારે ગરમીની સિઝનમાં શેરડીના રસનું પીણુ પિવા વાળાની સંખ્યા વધારે હોય છે. રસ્તા ઉપરથી પસાર થતા લોકો પણ શેરડીના કોલા પાસે ઉભા થઈ જતા હોય છે. આરોગ્ય વિભાગ દ્વારા ગત વર્ષે નાગરિકોના હિત માટે દરેક શેરડીના કોલા ઉપર મચ્છરદાની લગાવવાનો અમલ કરાવવામાં આવ્યો હતો. જેનાથી રોગચાળો ફાટી ના નિકળે તેવા તકેદારીના પગલા સૂચવ્યા હતા.

શેરડીના રસને ઠંડો કરવા માટે તેમાં વિપુલ પ્રમાણમાં બરફ નાખવામાં આવે છે. ત્યારે આરોગ્ય વિભાગે જોવાની જરૂર છે કે બરફ ગુણવત્તાયુક્ત છે કે નહિ તેમજ રસ બનાવતા કોલાવાળાઓ પણ આરોગ્યલક્ષી બરફ લાવવો જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

વિદ્યાર્થીઓ માટે થિયરી અને પ્રેક્ટીકલ શિક્ષણ પદ્ધતિ અનિવાર્ય

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના પેરેન્ટ સેમિનારમાં શિક્ષણમાં ટેકનોલોજીનું મહત્વ સમજાવતુ પ્રેઝન્ટેશન રજૂ કરાયું

ગાંધીનગર, તા. ૭

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના પેરેન્ટ સેમિનારમાં શિક્ષણમાં ટેકનોલોજીનું મહત્વ સમજાવવા એક પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા કક્ષાએ હાથ ધરાતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે પેરેન્ટસને માહીતગાર કરાયા હતા. આ સેમિનારમાં ૨૫૦ થી વધુ પેરેન્ટસ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે સંસ્થાના ચેરમેને શિક્ષણમાં પ્રેક્ટીકલ અને થીયરી બન્ને પદ્ધતિ આવરી લેવાય તે અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું.

આ સેમિનારમાં ડૉ. પવન પોદાર, ચેરમેન, પોદાર એજ્યુકેશન નેટવર્ક, મમતા પોદાર, ટ્રસ્ટી પોદાર એજ્યુકેશન નેટવર્ક, સોનિયા ખત્રી, પ્રિન્સીપાલ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, શ્રીનારાયનન પી.સી., પ્રિન્સીપાલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદ, શ્રી ઈઆન આશર, પોદાર એજ્યુકેશન નેટવર્ક સાથે સંકળાયેલા યુનાઈટેડ કિંગડમથી અંગ્રેજી ભાષાના જાણકાર, મેહુલ પારેખ, જનરલ મેનેજર, ગુજરાત અને વિશાલ શાહ, બ્રાન્ડ મેનેજર, પોદાર એજ્યુકેશન નેટવર્ક ઉપસ્થિત રહ્યાં હતાં.

આ તબક્કે પવન પોદારે જણાવ્યું હતું કે લર્નર્સને કેળવણી આપી, મૂલ્યોનું સિંચન કરી અને જરૂરી કૌશલ્યને વિકસાવવી રાષ્ટ્રને ગર્વ પ્રાપ્ત થાય તે માટે વચનબદ્ધ છીએ.' વધુમાં તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓને એવું શિક્ષણ મળવું જોઈએ જેમાં થીયરી અને પ્રેક્ટીકલ એમ બંને આવરી લેવાય તેમજ વ્યક્તિગત ઉન્નતિ અને વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓની તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ. 'પોદાર ખાતે અંગ્રેજી ભાષાને વધુ મહત્વ આપવામાં આવે છે. સંસ્થાની દરેક સ્કૂલ્સમાં ઈંગ્લિશ લેબ છે જે વિદ્યાર્થીઓને અંગ્રેજી ઉચ્ચાર, ધ્વનિ અને વ્યાકરણ સુધારવામાં મદદ કરે છે.'

શ્રીમતી સોનિયા પોદારે કહ્યું હતું કે સ્કૂલ્સમાં શ્રેષ્ઠ શિક્ષકો છે. શિક્ષકોના વિકાસ કાર્યક્રમો થકી સંસ્થામાં શિક્ષકોને શિક્ષણના ટ્રેન્ડસ, ટેકનોલોજીસ, મેથેડોલોજીસ અંગે માહિતીગાર કરતા રહીએ છીએ, જેથી શાળામાં શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે. ઈઆન અશરે અંગ્રેજીનું મહત્વ સમજાવી અંગ્રેજી ભાષા કેવી રીતે વૈશ્વિક ભાષા બની ગઈ છે તે અંગે જણાવ્યું હતું. આ વેળાએ શ્રી નારાયનન પી.સી.એ પોદારે ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદ સાથેના પોતાના અનુભવ જણાવ્યાં હતાં.

વિશાળ શાહે એક પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણમાં ટેકનોલોજીના મહત્વને સમજાવ્યું હતું અને પોદાર ખાતે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી પણ પ્રેક્ષકોને દર્શાવી હતી. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે યુવાનવયથી જ ટેકનોલોજીનો ઉપયોગ કરવા જોઈએ જેથી લર્નર્સ માટે તે ફે મિલિયર થઈ જાય. સેમિનારમાં ઉપસ્થિત પ્રેક્ષકોએ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિકાસ, પ્રગતિ, યોજનાઓ, શૈક્ષણિક પોલીસીસ અને જરૂરિયાતો અંગે માહિતી મેળવી ઉપરાંત, વ્યક્તિગત સ્તરે વિદ્યાર્થીનો કેવી રીતે સંપૂર્ણ વિકાસ થાય તે વિશે પણ જાણકારી મેળવી હતી.

નીલ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા વૃદ્ધાશ્રમ મગોડી (ચિલોડા)ના વૃદ્ધોને ૩૦ શાલ તથા સવારે ચા-નાસ્તો અને બપોરનું જમવાનું આપવામાં આવ્યું હતું. તેમજ ગાંધીનગરના યુવાનોએ આ કાર્યક્રમમાં તન-મન ધનથી પોતાની ફરજ સમાજ પ્રત્યે અદા કરી હતી. (તસવીર : જયેશ પંચોલી)

પંચાયતી રાજની યોજનાઓના સફળ અમલીકરણ માટે પંચાયત મંત્રીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૭

પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત કરવા અને -જાલક્ષી યોજનાઓના સફળ અમલીકરણ અને વહીવટી મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત -દેશ પંચાયત પરિષદ, ગાંધીનગર દ્વારા જિલ્લા પંચાયત -મુખ અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે પંચાયત મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને તેમજ રાજયકક્ષાના પંચાયત મંત્રી શ્રી જયંતિભાઈ કવાડીયાની ખાસ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ.

મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપસ્થિત જિલ્લાના પદાધિકારીઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓને સંબોધતાં કહ્યું હતું કે, -જાલક્ષી કાર્યો માટે જિલ્લા પંચાયત -મુખ અને વિકાસ અધિકારી મુખ્ય આધારસ્તંભ છે. -જા સુધી સરકારની વિવિધ યોજનાઓ પહોંચે તે માટે માનવીય અભિગમ બંને તરફી અપનાવવો જરૂરી છે. વિકાસના કામો માટે યોગ્ય સર્જનાત્મક દ્રષ્ટિકોણ વિકસાવવાની ખૂબ જરૂર છે. દર વર્ષે એક વિકાસનું કામ હાથ ઉપર લઈને પૂર્ણ કરવામાં આવે તો પાંચ વર્ષે ઘણા સારા કામો પૂર્ણ થાય. રાજયમાં વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ માટે પી.પી.પી. મોડેલને પણ સામેલ કરી શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય છે. ગ્રામ્ય સ્તરે શિક્ષણ સુધારવાની સાથે સાથે આવાસ, શૌચાલયો, રોડ, ગટરવ્યવસ્થા, ઘનકચરાનું ડોર ટુ ડોર કલેકશન, પ્લાસ્ટીકમુક્ત ગામ તેમજ મનરેગા જેવી યોજનાઓનો અમલ કરવા જણાવ્યું હતું. જિલ્લા મથકે જિલ્લા પંચાયતની વધારાની જમીનો ઉપર ઈનોવેટિવ કાર્યો દ્વારા સ્થાનિક ભંડોળ ઉભું કરી પંચાયતને આર્થિક સદ્ધર બનાવી શકાય. તમામ પદાધિકારીઓ અને વિકાસ અધિકારીઓ તાલુકાના ગામો અને શાળાઓની મુલાકાત લઈ જરૂરિયાત મુજબ નવીન ફેરફાર કરવા પણ મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હૈ : ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હૈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ચિરાગ સિનેમા(કલોલ)

જય હો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનુંનિરાકરણ આવી શકે.

વૃષભ : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

મિથુન : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

સિંહ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

કન્યા : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટુબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

તુલા : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

વૃશ્ચિક : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

ધન : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

મકર : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

કુંભ : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

મીન : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

ચિરવિદાય

- સ્વ. ઉર્વશીબેન ડાહ્યાભાઈ સુરતી (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૫૬૪, કિસાનનગર સોસાયટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. જીગર અશ્વિનભાઈ ત્રિવેદી (ઉ.વ. ૩૫) પ્લોટ નં. ૨૩૩, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. જયોતિન્દ્રકુમાર છોટુભાઈ દવે (ઉ.વ. ૬૬) એમ.-૧૫૩, ન્યૂ ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ મંગાભાઈ માધાભાઈ (ઉ.વ. ૬૮) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.